
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૪, આષાઢ સુદ-૧૫ • તા. ૨૭ જુલાઈ, ૨૦૧૮ • અંક : ૧૦

10



શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા


સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન

૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100185224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૦ મૂલ્ય : ૨૦. વાર્ષિક લવાજમ : ૧૦૦

## -: તીર્થયાત્રાની ફળશ્રુતિ :-

*आरंभाणां निवृत्तिर्द्रविणसफलता संघ वात्सल्यमुच्चै।*

*नैर्मल्यं दर्शनस्य प्रणयिजन हितं जीर्ण चैत्यादिकृत्यम्॥*

*तीर्थोन्नत्यं च सम्यग् जिनवचनकृति तीर्थसत्कर्मकत्वं।*

*सिद्धेरासन्न भावः सुरनरपदवी तीर्थयात्रा फलानि॥*

- હિંસા વગેરે આરંભ (પાપપ્રચુર કાર્યો)થી નિવૃત્તિ
- સન્માર્ગે ધનના વ્યયની સફળતા
- સંઘ પ્રત્યે વાત્સલ્યભાવની સતત વૃદ્ધિ
- સમ્યગ્દર્શનની નિર્મળતા
- પ્રિયજનોના હિતની પ્રવૃત્તિ
- જીર્ણ ચૈત્યોના ઉદ્ધાર માટેની પ્રવૃત્તિ માટે પ્રેરણા
- તીર્થની ઉન્નતિમાં સમ્યગ્પ્રકારે સહાયકપણું
- જિનવચનનું કર્તવ્યપાલન
- તીર્થની સેવારૂપ વિવિધ કાર્યો કરવાનું સદ્ભાગ્ય
- સિદ્ધિ-મુક્તિની નિકટતા
- જન્માંતરમાં દેવ તથા ઉત્તમ મનુષ્યજીવન

આવા અનેક લાભો તીર્થયાત્રા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

(ઉપદેશતરંગિણી પૃ. ૨૪૨)

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

*'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)*

વર્ષ-૫ | સળંગ અંક : ૧૦

પ્રકાશન

વિ.સં. ૨૦૭૪, આષાઢ સુદ-૧૫, તા. : ૨૭-૦૭-૨૦૧૮,શુક્રવાર

*પ્રકાશક :*

*હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)*

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

*મુદ્રક :* નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

*શત્રુંજય ગિરિરાજની યાત્રા પગપાળા કરવાના સાત અલગ અલગ રસ્તાઓ વરસોથી નિર્ધારિત થયેલા છે અને એનો ઉપયોગ કરવામાં આવે છે. રાજ્ય સરકારના જંગલખાતાએ પણ એની નોંધ લીધેલી છે.*

*૧. મોટો રસ્તો (તળેટીથી ગઢ સુધી)*

*૨. ઘેટી પાગ રસ્તો*

*૩. રોહીશાળા કેડી*

*૪. છ'ગાઉ રસ્તો*

*૫. શત્રુંજય નદીની કેડી*

*૬. દોઢ ગાઉનો રસ્તો*

*૭. છ'ગાઉને જોડતા રસ્તાઓ તથા રોહીશાળાના રસ્તે થઈને છ'ગાઉને જોડતો રસ્તો.*

*શત્રુંજય પર્વત ઉપર પાણીનાં સંગ્રહ માટે ૨૪ જેટલા કુંડો બનાવવામાં આવ્યા છે જેમાં ૨ લાખથી માંડીને ચોવીસ લાખ લીટર જેટલા પાણીનો સંગ્રહ જુદા જુદા કુંડોમાં કરવામાં આવે છે, જળસચયની આ નીતિ દીર્ઘદર્શિતા અને પાણીના સંગ્રહ તથા વપરાશ માટેની સૂઝબૂઝ દર્શાવે છે.*

## શ્રી શત્રુંજય ગિરિરાજ-પાલીતાણા

ભારતના પશ્ચિમી રાજ્ય ગુજરાતના સોરઠ (સૌરાષ્ટ્ર-સુરાષ્ટ્ર) નામથી જાણીતા વિસ્તારના અગ્નિકોણમાં સ્થિત શત્રુંજયગિરિનું સ્થાન જૈન તીર્થોની શ્રેણીમાં સિરમોર સ્થાને છે. પ્રાચીન આગમોમાં સિદ્ધક્ષેત્ર તરીકે સંજ્ઞાપિત અને સમગ્ર જનસમૂહમાં શાશ્વતગિરિ તરીકે સુવિખ્યાત આ તીર્થની યાત્રા એ પ્રત્યેક જૈન જીવનનું અણમોલ સપનું હોય છે. જીવનનું પરમ ધ્યેય હોય છે.

### પાલીતાણા

ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લામાં સ્થિત પાલીતાણા એ સમુદ્ર-સ્તરથી ૬૬ મીટર એટલે ૨૧૭ ફૂટ ઉંચાઈ ઉપર ૧૩ સ્કવેર કિલોમિટરમાં પથરાયેલું સોહામણું નગર છે. ઈસ્વીસન ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે એની જનસંખ્યા ૧.૭૫ લાખની છે. જેમાં ૫૨ ટકા પુરુષો તથા ૪૮ ટકા મહિલાઓ છે. ૧૫ ટકા વસતિ ૬ વરસથી નીચેની વયના બાળકોની છે. ભણતરનાં આંક પ્રમાણે પુરુષોમાં ૫૯ ટકા અને મહિલાઓમાં ૫૭ ટકા સાક્ષરતા છે. અમદાવાદથી ૨૨૫ અને ભાવનગરથી દક્ષિણ પશ્ચિમમાં ૫૧ કિલોમિટર આવેલા પાલીતાણા નગરનો પ્રાણ છે. શત્રુંજયનો ઉંચો ઉંચો ડૂંગર ! પાલીતાણા રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડથી અંદાજ ૨ કિલોમિટર જેટલો લાંબો રસ્તો કે જેની બંને બાજુ ગામ વસ્યું છે. અને જાત જાતની વસ્તુઓના બજાર વિકસ્યા છે. એકથી એક ચઢિયાતી સગવડતાઓ સાથેની ૧૩૦ જેટલી ધર્મશાળાઓની હારમાળા પથરાયેલી છે. આ બે કિલોમિટરનો રસ્તો પસાર કરો એટલે આવે શત્રુંજય પર્વતની તળેટી !!!

### જૂની તળેટીઓ તથા જય તળેટી

તળેટી એટલે કોઈ પણ પર્વત ઉપર ચઢવાનો પ્રારંભ જ્યાંથી થતો હોય અને વ્યવસ્થિત પગથિયા બનાવેલ હોય કે ઉબડ ખાબડ પથરા ગોઠવેલા હોય એ ભૂમિને તળેટી તરીકે ઓળખવામાં આવે છે. કયાંક અને પાજ અથવા પાગ પણ કહેવામાં આવે છે. પાજ એટલે

નિશ્ચિત બાંધેલી જગ્યા ! જેમ કે ઘેટી ગામ તરફથી ગિરિરાજ ઉપર ચઢવાના રસ્તાના પ્રારંભને ઘેટી પાગ કહેવામાં આવે છે. આમ તો એ પણ તળેટી જ કહેવાતી હતી. પૂર્વકાળમાં પહેલી તળેટી 'વડનગર' હતી. પછી બીજી તળેટી વલ્લભીપુર - વળાથી પ્રખ્યાત થઈ તે પછી સમયના પ્રવાહ સાથે વહેતા તળેટી આદપુરથી પ્રારંભ થઈ, ચોથી તળેટી પાલીતાણાની થઈ, અને પાંચમી તળેટી એટલે હાલમાંની જય તળેટી જે અત્યારે પ્રચલિત છે. રણસી દેવરાજની ધર્મશાળાની બાજુમાં એક રૂમ છે, તેમાં દેરી અને આદીશ્વર ભગવાનનાં પગલાં છે તેન પણ જૂની તળેટી કહે છે. વળી કંકુબાઈની ધર્મશાળા પાસે જૂની વિજય તળેટીનો ઓટલો કહેવાય છે. તેની ઉપર શ્રી આદીશ્વર ભગવાન, શ્રી ગૌતમસ્વામી અને મણિવિજયજી મહારાજનાં પગલાં છે, તેને પણ જૂની તળેટી કહે છે. આમ તળેટી અંગે જે તે સમયે જુદી જુદી પરંપરાઓ અને માન્યતાઓ અસ્તિત્વમાં આવી. વર્તમાનમા છેલ્લા ૧૦૦-૨૦૦ વરસથી કે તેથી પણ વધારે સમયથી પાલીતાણામાં શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢવાનો માર્ગ જય તળેટીનો નિશ્ચિત અને એક જ જાણીતો થઈ જવાથી તે ભાગ બહુ પ્રખ્યાતિ પામ્યો. સમયે સમયે દર્શનાર્થી યાત્રિકો માટે આરાધના પૂજા પાઠ વગેરે સગવડતા તથા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પેઢી તરફથી એને સુવ્યવસ્થિત બનાવવામાં આવ્યો છે. વરસો પહેલા જયતલાટીનો ઓટલો ખુલ્લો હતો. તેની જમણી બાજુમાં અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદે આરસની દેરીપૂર્વક મંડપ બંધાવ્યો હતો. જ્યારે ડાબી બાજુએ ધોલેરાવાળા શેઠ વીરચંદ ભાઈચંદે આરસની દેરીપૂર્વક મંડપ બંધાવ્યો હતો. તળેટીનો મોટો ચોક હવે મંડપ - તોરણ, થાંભલા અને કમાનોથી સુશોભિત થવાના લીધે ખૂબજ ભવ્ય લાગે છે. થોડાક જ પગથીયા ઉપર ચઢીને હોલમાં પ્રવેશતા સામે જ કુલ ૧૧ દેરીઓની સ્થાપના છે. ઓટલા ઉપરની બધી દેરીઓ જુની અને જીર્ણ થઈ જવાથી વિ.સં. ૨૦૩૪માં આણંદજી કલ્યાણજી પેઢીએ જીર્ણોદ્ધાર કરાવીને સુંદર, શોભાયમાન દેરીઓ ફરી નિર્મિત કરાવીને તેની પુનઃપ્રતિષ્ઠા કરાવી.

પ્રત્યેક દેરીમાં ભગવાન ઋષભદેવ તથા અન્ય તીર્થંકરોની ચરણ પાદુકાઓ છે. ધ્વજદંડ તથા એના ઉપર લહેરાતી નાની નાની ધજાઓથી શોભતી (સિદ્ધશિલા) વચલી દેરીનું શિખર મોટું અને કલાત્મક બનાવ્યું છે. દેરીઓના આગળના ભાગમાં ગિરિરાજની પાષાણ-શિલાઓના હિસ્સો પણ ખુલ્લો રખાયેલો છે યાત્રિકો દ્વારા તેની ભક્તિભાવથી પૂજા કરાય છે. વંદાય છે તથા શણગારાય છે. યાત્રાના પ્રારંભમાં અહી સ્તુતિ સ્તવના તથા ચૈત્યવંદન કરવું અતિ મહત્વનું તથા શુભ મનાય છે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શત્રુંજય સાદને સાંભળીને દોડી આવેલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને ભાવસભર બનીને દર્શન વંદન કરતા જોવા, યાત્રિક ભાઈ બહેનોને ચોખાના સાથિયા પૂરતા અને શબ્દોના તેલ ને પૂરીસ્વરના દીવડાઓ પેટાવવા પૂર્વક પ્રભુના ગુણ ગાતા જોવા એ મધુરો લહાવો છે. ભાવભરી ભક્તિ-વંદના કરીને પર્વત ઉપર બિરાજમાન દાદા **'આદિનાથના'** દર્શન કરવા માટે **'જય આદિનાથ'**, **'જય દાદા'**, **'જય શત્રુંજય'**, **'જય સિધ્ધગિરિ'**, જેવા હર્ષોલ્લાસભર્યા ઉદ્દગારો સાથે યાત્રિકો તળેટીથી આરંભ થતા પગથીયે ડગલા મૂકે છે અને આમ આરંભાય છે શાશ્વતગિરિની યાત્રા !

## બાબુનું દેરાસર

તળેટીની ઉપર ધનવસહીની ટૂકના નામે પ્રખ્યાત જિનાલય મૂર્શિદાબાદના નિવાસી રાય ધનપતસિંહજી તથા લખપતસિંહજી બાબુ નામના બે ભાઈઓએ એમની માતા મહેતાબકુંવરના શ્રેય નિમિત્તે બંધાવરાવ્યું હતું, જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૫૦માં મહા સુદિ દશમના રોજ કરવામાં આવી હતી. આ દેરાસરમાં દાદા આદીશ્વરજી, પુંડરિકસ્વામીની પ્રતિમા તથા રાયણ પગલા, જળમંદિર વગેરેની સ્થાપના થયેલી છે. યાત્રિકો એના દર્શન કરીને આગળ વધે છે. ડૂંગર ઉપર ચઢાવા માટે અક્ષમ લોકો આ ટૂકની યાત્રા કરીને પણ પોતાનો અહોભાવ વ્યકત કરે છે. અને યાત્રા કર્યાનો સંતોષ માને છે. આજુબાજુ અન્ય દેવકુલિકાઓમાં જિન પ્રતિમાઓ તથા જિન પાદુકાઓની સ્થાપના થયેલી છે. ધનવસહીની ટૂક તથા તળેટીની દેરીઓ વચ્ચે નળિયા કચ્છ નિવાસી ગોવિંદજી જેવત હિરજી ખોના દ્વારા નિર્મિત ૧૫માં તીર્થંકર ધર્મનાથ ભગવાનનું જિનાલય પણ આવેલું છે. ઉપર ચઢતા જમણી બાજુએ પૂજ્ય પન્યાસજી કલ્યાણવિમલજીના ઉપદેશથી નિર્મિત સરસ્વતી ગુફા નામે વિખ્યાત સાધના ભૂમિ પણ અહીં છે. જ્યાં

સરસ્વતીમાતાની મનોહારી પ્રતિમા છે અહી અનેક સાધકો શ્રુતદેવીની ઉપાસના કરતા હોય છે. સમીપમાં નિર્મિત ૧૦૮ સમવસરણ જૈન મંદિરની વિશાલકાય રચના સૌના હૃદયને ભક્તિભાવથી ભરી દે છે. આમાં ૧૦૮ તીર્થોના ચિત્રપટ્ટો, ૧૦૮ પાર્શ્વનાથની પ્રતિમાઓ તથા અન્ય જૈન કથા પ્રસંગોના ૧૦૮ ચિત્ર પટ્ટોનું આલેખન કરવામાં આવ્યું છે. સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારુપ ચતુર્વિધ સંઘના ૪ અંગોના ૨૭-૨૭ પ્રસંગોના આલેખન યુક્ત ૧૦૮ ચિત્રપટો બનેલા છે. આ જિનાલયનું નિર્માણ વિ.સં. ૨૦૨૪માં કરવામાં આવ્યું છે.

ગિરિરાજના જિનાલય નગરમાં પ્રવેશ કરવા માટે વર્તમાન કાળમાં મુખ્ય રસ્તો જય તલાટીનો છે. તે જયતલાટીના રસ્તે ૩૭૪૫ પગથિયાં છે. સપાટીથી ૧૮૦૦ ફુટ ઉંચી છે. કલ્પનામાં પણ ન આવે કે આટલી ઉંચાઈએ અજાયબી વાળાં અનેક પ્રકારના દેરાસર કેવા-કેવા ભાગ્યશાળીઓએ બંધાવ્યાં હશે અને કેટલો પરિશ્રમ લીધો હશે.

આરાધ્ય એવો આ ગિરિરાજ હોવાથી સૌને તેના માટે ભાવ ઉત્પન્ન થાય અને ભાવને બતાવવા માટે ગિરિરાજ પર મનોહર મંદિરો બનાવે અને પ્રતિમાજી મહરાજ પધરાવે. આવા જિનાલય નગરરૂપ ગિરિરાજની ટોચે આવીએ એટલે પ્રથમ પ્રવેશ દ્વાર રામપોળ આવે. આ દરવાજો મનોહર સુશોભિત બન્યો છે. ત્યાં કાયમ માટે પહેરેગીર રહે છે. વહાણું વાય ત્યારે દરવાજો ખુલે અને સાંજે બંધ થાય. રામપોળ એવું નામ કયા કારણે થયું, તે જાણી શકાયું નથી.

રામપોળમાં પેસતાં સન્મુખ પંચશિખરી શ્રી વિમલનાથ ભગવાનનું મંદિર આવે છે. આ મંદિર શેઠ મોહનલાલ વલ્લભદાસ ઔરંગાબાદવાળાએ બંધાવ્યું છે. તેની બાજુમાં શેઠ દેવચંદ કલ્યાણચંદ સુરતવાળાએ બંધાવેલું ત્રણ શિખરવાળું મંદિર છે. તેમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાન છે. મોતીશા શેઠની ટૂક પહેલાં આ મંદિરો થયાં છે. તેથી એમ કલ્પી શકાય કે કુંતાસારની જે ખીણ હતી તેની ધાર પર આ બે મંદિરો બંધાવ્યાં હશે. તેની પછી બગીચો અને મોતીશાની ટૂક આવે છે. આગળ જવાનો રસ્તો છે. મોતીશા શેઠની ટૂકને લાગીને કુંડ આવેલ છે. તે કુંડ ઉપર મોતીશાની ટૂકની દીવાલને લાગીને કુંતાસાર દેવીનો ગોખલો છે. રામપોળની અંદર જે ચોક છે. ત્યાં ડોળીવાળાઓ વગેરે બેસે છે, આરામ કરે છે.

## સગાળપોળ

ત્યાંથી થોડા પગથિયાં ચઢીએ એટલે સગાળપોળનો દરવાજો છે. દરવાજાની ડાબી બાજુએ ગેસ્ટ હાઉસ છે. સગાળપોળનો દરવાજો જીર્ણ થતાં શોભાયમાન નવો બંધાવ્યો છે. દરવાજાની અંદર યાત્રાળુઓનો પૂજાના સાધન સિવાયનો, વધારાનો સામાન મુકાય છે. ત્યાં પહેરેગીર કાયમ રહે છે. અંદર આવીએ એટલે નોંઘણકુંડ આવે છે.

રસ્તાની એક બાજુએ ઓફિસ છે. ગિરિરાજ ઉપરના જવાબદાર મેનેજર ત્યાં બેસે છે તથા ત્યાં પેઢીનું કાર્યાલય પણ છે. બીજી બાજુએ કેશવજી નાયકની ટૂક આવે છે. તેનો બીજો દરવાજો વાઘણપોળમાં પડે છે. ઓફિસની બાજુમાં પૂજારી વગેરેને રહેવાના સ્થાનરૂપ ઓરડીઓ બાંધેલી છે. આ દોલાખાડીના નામથી ઓળખાય છે.

## વાઘણપોળ

ઉપર થોડાં પગથિયાં ચઢીએ વાઘણપોળનો દરવાજો આવે છે. તેની એક બાજૂએ રક્ષકનું બાવલું આવે છે, અને બીજી બાજુએ વાઘ છે.આથી વાઘણપોળ કહેવાય છે. વાઘની બાજુમાં હનુમાનજીની મૂર્તિવાળી દેરી છે.

## વ્યાઘ્ર પતોલી

ખોદ કામ કરતાં વિ.સં. ૧૨૮૮નો વસ્તુપાલ તેજપાલનો કાળા પથ્થરનો શિલાલેખ જે નિકળ્યા, તે વાઘણપોળના દરવાજામાં તેની દીવાલ પર લગાવ્યો છે. વાઘણપોળનો દરવાજો નવેસરથી નવો બનાવ્યો છે.

વાઘણપોળની અંદર પ્રવેશ કરતાં મંદિરોનો વિશાળ સમુદાય દષ્ટિગોચર થાય છે. આ સારીએ ટૂક આજે વિમલવસહીના નામથી ઓળખાય છે. વાઘેલા યુગમાં વાઘણપોળની જમણી બાજુએ હાલમાં જ્યાં કેશવજી નાયકનું આધુનિક મંદિર છે, ત્યાં રૈવતાચલાવતાર રૂપ નેમિનાથ ભગવાનનું મંદિર શોભી રહ્યું હતું. અને અત્યારે ડાબી બાજુએ આજે જ્યાં દમણવાળા શેઠ હીરાચંદ રાયકરણનું શાંતિનાથ ભગવાનનું મંદિર છે. ત્યાં પૂર્વે સ્થંભન પુરાવતાર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર હતું. આ બંન્ને જિનાલયો મહામાત્ય વસ્તુપાલે બંધાવ્યાં હતાં.

તે પંદરમા સોળમા સૈકા સુધી વિદ્યમાન હતાં. પાછળથી તે લુપ્ત થઈ ગયાં તે મંદિર પાસે પૂર્વકાળમાં કવડ યક્ષની દેરી હશે જ. વર્તમાનમાં તે યક્ષની દેરી જમણી બાજુમાં આવેલી છે. કાળના પરિબળે તેનો ફેરફાર થઈ ગયો. વર્તમાન કાળમાં વાઘણપોળમાં આવીને શેઠ હીરાચંદ રાયકરણના બંધાવેલા શ્રી શાંતિનાથ ભગવાનના મંદિરે યાત્રાળુઓ આવે છે. દર્શન તથા ભક્તિ કરે છે.

વાઘણપોળના દરવાજામાં ઉભા રહીએ તો બન્ને બાજુએ મંદિરોની હારમાળા દેખાય છે. શાંતિનાથ ભગવાનના મંદિરથી નીકળી થોડા પગથિયાં ઉતરતાં સં. ૧૫૮૭માં કરમાશાહે બિરાજમાન કરેલ શત્રુંજયની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી માતાની દેરી આવે છે. તેના બહારના ભાગમાં પદ્માવતી, નિર્વાણી, સરસ્વતી અને લક્ષ્મીજી એ ચાર દેવીઓની મૂર્તિ છે. પાસેની દેરીમાં વાઘેશ્વરીની અને પદ્માવતીની મૂર્તિઓ છે. (જૈ.તી. સર્વ સંગ્રહ ૧૦૩)

ડાબી બાજુના મંદિરો બધાં હારબંધ અને ઉત્તરાભિમુખ છે, જ્યારે જમણી બાજુએ જે જિનાલયો છે, તેમાં કોઈ પૂર્વાભિમુખ છે કોઈ દક્ષિણાભિમુખ પણ છે.

ડાબી બાજુમાં વધારેમાં વધારે જૂનું સં. ૧૩૭૬નું મંદિર છે. પણ જમણી બાજુમાં સત્તરમાં શતકનાં ચારેક મંદિર હશે. બાકીના મંદિરો તો અઢાર કે ઓગણીશ વીસમી સદીના હશે.

## ભૂલવણી યાને ચોરીવાળું મંદિર

ભૂલવણીનું મંદિર-આ મંદિરમાં આબૂ પરના દેલવાડા સ્થિત વિમલશાહના મંદિરની નમૂનાની કોરણીઓ છે. આવી કોરણીવાળા ઘુમટો વગેરે આખા ગિરિરાજ ઉપર બીજે હશે કે કેમ તે વિચારણીય છે. આવા જ કોઈ કારણથી આને વિમલવસહી કહેવાતું હશે. આની અંદર ત્રણ મુખ્ય મંદિરો છે. ફરતી નાની નાની બહોતેર દેવકુલિકાઓ છે. વિમલવસહીના કહેવાતાં બધાએ દેરાસરોમાં કેશવજી નાયકના દેરાસરોને છોડીને આ મોટામાં મોટું દેરાસર છે. થોડા સ્થાનમાં પણ વિસ્તૃત અને પ્રાચીન પરિપાટીકારો આ જિનભવનના ખૂબ વખાણ કરે છે.

મંદિરના પ્રવેશદ્વારે (ખરેખર જોતાં આ મુખ્ય પ્રવેશદ્વાર નથી. મુખ્ય પ્રવેશદ્વાર તો પાછળ છે.) ચોકિયારાની રચના કરી છે. અંદર પ્રવેશતાં મનોહર શિલ્પકારીમંડિત સ્તંભો અને તે પર ટેકવેલ પદ્મશિલાયુક્ત, સુંદર છત સાથેનો રંગમંડપ જોવા મળે છે. રંગ મંડપ પછી ગૂઢમંડપ અને તે પછી પ્રાસાદ આવે છે. જેમાં મૂળ આદિનાથ ભગવાન પ્રતિષ્ઠિત હતા એ આવું પ્રાચીન તીર્થમાલાઓ બોલે છે. ગૂઢમંડપના દ્વારોની અડખે-પડખે સુંદર જાળીની કોરણીવાળાં ગોખલાઓ કાઢેલા છે. ગૂઢમંડપના ઉત્તર દક્ષિણ પડખાઓનું, જુદી જુદી કોરણીયુક્ત વિતાનેથી દેવકુલિકાઓ સાથે સંધાન કરી લીધું છે. પાછળના ભાગમાં ત્રણ ગઢવાળો મનોહર મેરુ છે. આજુબાજુ બે મોટી દેરીઓ છે. તેમાં તીર્થમાળાઓના કથન અનુસાર પાર્શ્વનાથને નેમિનાથ બિરાજમાન હતા. બન્ને દેરીઓની સાંધતી છતોમાં નાગપાસ રાસલીલા વગેરે છે. રંગમંડપના ત્રણ ઘુમટોમાં અનેક પ્રકારનું કોતરકામ, પંચ કલ્યાણકો વગેરે વગેરે વિવિધ વસ્તુઓ લીધી છે. ઝૂલતી દેવીઓ (કદાચ તે વિદ્યાદેવીઓ પણ હોય) છે.

મેરુથી નીચે ઉતરતાં જમણી બાજુએ નેમનાથની અડધી બંધાયેલી ચોરી છે. તેના ભાલપટમાં આખો નેમનાથના જીવનચરિત્રનો ચિતાર પાટડામાં કોરેલો છે. અત્રે મોટો દરવાજો છે. તેની આજુબાજુમાં બે ગોખલાં છે, તેમાં પથ્થરનાં કોતરાયેલાં યક્ષ યક્ષણી છે.

વિમલવસહીથી આગળ આગળ ચાલતાં મોક્ષની બારીવાળું સ્થાન છે. તેમાં સાંઢણી છે. તેના પગ વચ્ચેથી નીકળવાનુ છે, એટલે તેને મોક્ષની બારી કહે છે. આગળ ચાલતાં સં. ૧૬૮૮માં બંધાવેલા વિમલનાથ અને અજિતનાથના મંદિર છે. પાછલી બાજુમાં થોડી નાની નાની દેરીઓ છે. પછી ભાવનગરના શેઠ કુંવરજી લાધાએ સંવત ૧૮૧૫માં બંધાવેલ સહસ્રફણા પાર્શ્વનાથનું મંદિર છે. તે પછી પાટણવાળા શેઠ પન્નાલાલ કોટાવાળા બાબુએ બંધાવેલ આરસનું નાજુક મંદિર છે. આગળ ચાલતાં ધર્મનાથ ભગવાનનું મંદિર છે. ચૌદમી સદીની કોરણીવાળું છે. કદાચ આ જ મંદિર જગત્ શેઠનું હોય. વિ.સં. ૧૬૮૩માં હીરાબાઈનું બંધાવેલ ચંદ્રપ્રભુનું મંદિર આવે છે. તેનાં

મંડપમાં સુંદર કોરણીવાળા તોરણો છે. તે મંદિરને અડીને પાછળ ખેંચીને બાંધેલું જામનગરના ઓસવાળા બંધુઓ વર્ધમાન શાહ અને પદ્મસિંહશાહે સં. ૧૬૭૮માં બંધાવેલું શાંતિનાથ ભગવાનું મંદિર છે વળી એક સહસ્રફણા પાર્શ્વનાથનું મંદિર છે.

## કુમાર વિહાર

આ આખી લાઈનના છેડા ઉપર કુમારપાળના મંદિરથી ઓળખાતું મંદિર છે. વિદ્વાનોની ગણતરીએ સં. ૧૩૭૭ની આસપાસ બંધાયેલું આ મંદિર છે. કુમારવિહાર પાલીતાણામાં હોવાના પંદરમા શતકમાં બે ઉલ્લેખો મલે છે તે શું આ નહિ હોય ? આ મંદિરમાં આદીશ્વર ભગવાન છે. મંદિરના મુખ આગળ સુંદર ચોકીયાળું છે અંદર મંડપ અને ફરતી ચોવીસ દેરીઓ છે. મૂળમંદિર તેમજ ઝરૂખાઓ અને સુંદર ઘાટ વિધાનથી આ મંદિર વિભૂષિત છે. તેના ભમતિના બે છેડે, બે ભમતિને મળતા છેડાપર બે મંદિરો છે. મૂળમંદિરનો શિખર વગેરે ઘાટ કોરણીમય છે. ભમતિના એક મંદિરની એક દીવાલે સુંદર ૧૪ સ્વપ્ન વગેરેની કોરણી છે.

કુમાર વિહાર પછીતે હાથીપોળની વચ્ચે ગલી છે, તે ગલીમાંથી પાછળ જવાય છે.

## સૂર્યકુંડ-સૂરજકુંડ

અહીં સૂર્યકુંડ છે, જેનો મહિમા ગવાય છે તે. જેના પાણી વડે મહિપાલ રાજાના રોગ ગયા હતા, કુકડો થયેલ ચંદ્રરાજા કુંડના પ્રતાપે ચંદ્રરાજા થયો હતો. તે પછી તેની જ બાજુમાં ભીમકુંડ આવે છે. પછી ત્રીજો બ્રહ્મકુંડ અને ઈશ્વરકુંડ આવે છે. ત્યાં એક દેરી છે. તેમાં શિવલિંગ સ્થાપન કરેલું. આનું કારણ તો એવું દેખાય છે કે, વડીલોએ પૂજારીને તેમના ભગવાનની સગવડ પડે તે માટે ઉદારતા વાપરીને ત્યાં તે દેરી બનાવવા દીધી હશે. સૂર્યકુંડ પર કુકડાનું ચિત્ર અત્યારે વિદ્યમાન છે.

એક વાત-ડાબીબાજુના આ બધા દેરાસર પાછળ મોટા ઉંડા ટાંકાં છે. તેનું પાણી પ્રભુજીની પખાલમાં વપરાય છે.

## ટાંકા અને કુંડ

કુંડો પથ્થરને કોરીને બનાવાય છે. તેમાં પાણી નીકળી ન જાય તે માટે ચોકસાઈ કરાય છે. તે ખુલ્લા હોય છે. તેનું પાણી નહાવામાં ને પીવામાં વપરાય છે. જ્યારે ગિરિરાજ પર મોટાં ટાંકાં છે. ટાંકું તેને કહેવાય છે કે જેની ચારે દિશા બરોબર મજબૂત હોય છે. તેનું પાણી કોઈપણ દિશામાંથી બહાર ન નીકળે તેવું મજબૂત હોય છે. તેને ઉપરથી બંધ કરી દેવામાં આવે છે, ને એક ઢાંકણાવાળું બારણું ઉપર રખાય છે. પાણી કાઢવું હોય ત્યારે એ ખોલાય છે. તેનું પાણી પ્રભુજીની પખાલમાં વપરાય છે. તેમાં પાણી આજુબાજુએથી પરસાદનું તેવા તેવા માર્ગોથી આવે. તેમાં ઉતરવાના પગથિયાં હોતા નથી. પણ કુંડોમાં ઉતરવાને માટે પગથિયાં હોય છે.

વાઘણપોળની જમણી બાજુમાં પહેલું દેરાસર કેશવજી નાયકનું આવે છે તેને બે દરવાજા છે. એક સગાળપોળમાં પડે અને એક વાઘણપોળની અંદર પડે. આ દેરાસર સં. ૧૯૨૮માં બંધાવેલું છે. તેના વચલા મુખ્ય મંદિરની સામે પુંડરીક સ્વામિની દેરી છે. આ મંદિર ઉપર નીચે બે ભાગમાં વહેચાયેલું છે. ચારે બાજુએ દેરીઓ છે. મુખ્ય મંદિરમાં સમવસરણ, ડાબે હાથે સમેતશિખરજી. જમણે હાથે મેરુ, બીજી બાજુ અષ્ટાપદ, બીજી બાજુએ એક રચના છે. વાઘણપોળ તરફ નીકળતાં રાધનપુરવાળા મસાલીયા કુટુંબનું બંધાવેલું પ્રભુનું દેરાસર છે. નીચે રસ્તા પર કવડયક્ષની દેરી છે.

સંવત ૧૭૯૧માં ભંડારીએ બંધાવેલું ઉંચા ઓટલાવાળું તથા ઘણા પગથિયાવાળું શામળા શ્રીઅમીજરાપાર્શ્વનાથનું મંદિર છે.

તે પછી સંવત ૧૭૮૮માં શાહ પ્રેમચંદ રતનજીનું કરાવેલું ચંદ્રપ્રભુજીનું મંદિર છે. બોગલશાવાળાનું બંધાવેલું સંભવનાથ ભગવાનનું મંદિર છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે, તે બહારથી જોતાં ઘર જેવું દેખાય છે. પણ તેની ખૂબી કોઈ જુદી છે. અંદર આરસપહાણની સુંદર છત્રી બનાવેલી છે. તેમાં આરસના સિંહાસન પર પાર્શ્વનાથ ભગવાન સુંદર નાજુક છે. તેને આગળ દરવાજો આરસનો છે. તે દરવાજાની બે બાજુએ એટલે એક બાજુએ

નંદીશ્વરદ્વીપનો આબેહૂબ ચિતાર આરસમાં કોરેલો છે. જંબૂદ્વીપથી લઈને નંદીશ્વરદ્વીપ સુધીનો બધોએ અધિકાર નંદીશ્વરદ્વીપના ડુંગર વગેરે તેની પર છે. ચૈત્યમાં ભગવાન અતિ બારીક કળાથી બનાવેલ છે. બીજી બાજુએ અષ્ટાપદ પર્વત અને ૨૪ દેરાસરો રાવણ મંદોદરી ગૌતમસ્વામી તાપસો ખાઈ વગેરે બધો અધિકાર કોર્યો છે. નાજુક કળા કેવીરીતે હોય તે આ બે કૌરણીમાં કોરેલું દેખાય છે. આગળ આરસના બે હાથી મનોહર બનાવેયા છે.

સં. ૧૯૬૯માં પાટણના શેઠ ડુંગરશી મીઠાચંદ લાધાનું કરાવેલું શ્રીચંદ્રપ્રભુસ્વામીનું મંદિર છે. સુરતના કેશરીચંદ વહોરાનું બંધાવેલ સંભવનાથ ભગવાનનું મંદિર છે. વળી પાટણના શેઠ મીઠાચંદે કરાવેલું અજિતનાથ ભગવાનનું બીજું મંદિર છે.

સં. ૧૭૮૮માં બંધાવેલ શ્રી મહાવીર ભગવાનનું દેરાસર છે. આને ત્રણ ગઢ છે એટલે તે સમવસરણના ત્રણ ગઢ છે. પહેલા ગઢમાં વાહનો, બીજા ગઢમાં તિર્યંચોનો ને ત્રીજા ગઢમાં ૧૨ પર્ષદા છે. મધ્યે સિંહાસનમાં ચતુર્મુખ ભગવાન છે. કર્તાએ શિલાલેખમાં કોતરાવ્યું છે કે વિશેષાવશ્યકમાં સમવસરણની જે રચના મેં સાંભળી, તેના આધારે આ સમવસરણનું દેરાસર બાંધ્યું છે. તે સુરતવાળા સોમચંદ કલ્યાણચંદે બંધાવેલું છે.

તે પછી સંવત ૧૮૬૦માં ઝવેરભાઈ નાનજીએ બંધાવેલું શ્રી આદિનાથ ભગવાનનું મંદિર છે. વળી તે જ સાલમાં આમદાવાદ શેઠ નાનચંદ માણેકચંદ માણેકવાળાનું બંધાવેલું ધર્મનાથનું મંદિર છે. ત્યારબાદ મોરબીવાળા પીતાંબરદાસ પદમશીનું સં. ૧૯૧૩માં બંધાવેલું મહાવીરસ્વામીનું મંદિર છે. આ બધા અઢારમા ઓગણીસમાં શતકમાં બંધાયેલ કહેવાય છે. તેને ૧૯મી સદીના પણ કહેવાય છે. વળી ખૂણે ખાંચરે જ્યાં જ્યાં જગા મળી ત્યાં નાની નાની દેરીઓ પણ છે.

પછી સં. ૧૬૭૫માં જામનગરના રાયસી શાહે કરાવેલ શ્રીશ્રેયાંસનાથ ભગવાનનું શિલ્પવિભૂષિત મંદિર છે.

ઈશાન બાજુએ જોધપુરવાળા મનોત્તમલ્લજી જયમલ્લજીએ સં. ૧૬૮૬માં

કરાવેલું મોટું ચતુર્મુખ મંદિર છે. આ મંદિરને ચાર દિશાએ મંડપ છે. તે મંડપના બધાએ થાંભલાને ગણતાં સો થાંભલા છે. આથી આ શતથંભીયું મંદિર કહેવાય છે. તેના થાંભલાઓ પર ગભારાની નજીકમાં સુંદર તોરણ છે. આપણી ભાષામાં તે કમાનો છે. દક્ષિણ દિશાના મંડપની છતમાં થોડુંક સુઘડ કોતરકામ પણ છે. શિખર પણ શિલ્પના આધારે સુંદર કોરણીવાળું છે. વાઘણપોળના બધાએ મંદિરોમાં સૌથી ઉંચું શિખર આ મંદિરનું છે.

તેની નજીકમાં સં ૧૬૭૫માં અમદાવાદના શેઠનું બંધાવેલું સંભવનાથ ભગવાનનું મંદિર છે. તેમજ રીખવદાસ વેલજીનું બંધાવેલું સંભવનાથ ભગવાનનું મંદિર છે.

ત્યારબાદ કપડવંજના શેઠાણી માણેકબાઈએ કરાવેલું ઋષભદેવ ભગવાનનું મંદિર છે. તેમાં ઘણાએ પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ બધા મંદિરના સમૂહ પાછળ સત્તરમા શતકમાં થયેલ દિગંબર પરંપરાનું મંદિર છે.

## શ્રીધનેશ્વરસૂરિજી

શતથંભીયા મંદિરના નીચેના ભાગમાં દેરીમાં શ્રી શત્રુંજયમાહાત્મ્યના રચયિતા શ્રી ધનેશ્વરસૂરિજીની આરસની વિશાળમૂર્તિ બિરાજમાન છે.

## હાથી પોળ

પહેલાં હાથી પોળના દરવાજાની બે બાજુએ વિશાળકાય મનોહર હાથીઓ ચીતરેલા હતા. દરવાજાની બે બાજુમાં એક બાજુએ ઓમકાર અને બીજી બાજુએ હ્રીં કાર, આરસમાં કોરીને એકની ઉપર પાંચ અને બીજા ઉપર ચોવીસ રંગીન પ્રતિમાઓ કોરેલી હતી. ડાબી બાજુએ વિ.સં. ૧૮૬૭નો આરસમાં કંડારેલ શિલાલેખ ચોઢેલો હતો.

વર્તમાનમાં હાથીપોળનો નવો દરવાજો બનાવ્યો છે, અને બન્ને બાજુએ પાષાણના સુંદર હાથી બનાવ્યા છે.

હાથીપોળથી જમણીબાજુએ એટલે કુમારપાળ મહારાજાના દહેરાસરની પડખે થઈને પાછળ જવાય છે. ત્યાં જતાં બારીમાંથી બહાર નીકળ્યા પછી સૂર્યકુંડ અને ભીમકુંડ આવે છે. તે પછી બહ્મકુંડ યાને ઈશ્વરકુંડ આવે છે. સૂર્યકુંડની ઉપર કુકડો - ચંદ્રરાજા થયાનો કોરણી કોરેલો ગોખલો છે. આગળ મનોહર, છત્રીવાળો વિસામો છે. અને સં. ૧૯૪૫માં પ્રતિષ્ઠિત કરેલ શ્રીઆદીશ્વર ભગવાનના પગલાંની એક દેરી છે. અહીયા શિવલિંગની પણ એક દેરી છે.

## રતનપોળ - દાદાની ટૂક

રતનપોળનો દરવાજો પાષાણનો નવો સુંદર બનાવેલો છે. રતનપોળના દરવાજામાં થઈને એટલે પુંડરીક સ્વામીની નીચે થઈને પગથિયાં ચઢીને આગળ જવાય છે. આગળ ચાલતાં સ્નાત્ર મંડપ આવે છે. આ દાદાના મંદિરની આગળના ચોકમાં છે. આ ચોકમાં તળિયાનું આરસપાનનું કામ ધુલીઆ નિવાસી સખારામ દુર્લભદાસે કરાવેલું છે. તેમાં પ્રભુજીને પધરાવીને સ્નાત્ર ભણાવાય છે. પૂજા પણ ભણાવાય છે. મંડપમાં છાંયો કરવાને માટે લોખંડના પાઈપો વગેરે નાખીને ઢાંકણ, ખંભાતવાળા શેઠ પોપટલાલ અમરચંદે કરાવ્યું છે.

ત્યાંથી શ્રી આદીશ્વર દાદાના મંદિરમાં જવાય છે. આ જિનાલયના ભરત મહારાજાથી માંડીને કરમાશા સુધી સોળ ઉદ્ધાર થયા છે. આ મંદિર (વર્તમાનકાલમાં છે તે) વિ.સં. ૧૨૧૩માં બાહડમંત્રીએ કરેલા ઉદ્ધારનું છે. પંદરમા અને સોળમાં ઉદ્ધારમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની મૂર્તિ નવી ભરાવીને પ્રતિષ્ઠા કરી છે. વર્તમાનમાં પણ કરમાશાના ઉદ્ધારનો વિ.સં. ૧૫૮૭નો શિલાલેખ પ્રતિમા ઉપર વિદ્યમાન છે. દાદાનું પરિકર ત્યારે ન હતું. અત્યારે જે પરિકર છે તે અમદાવાદના શા. શાંતિદાસ વગેરેએ ભરાવેલું છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૭૦માં શ્રી વિજયદેવસૂરિ મહારાજે કરી છે.

## દાદાના દર્શન

રતનોપળમાં પગથિયા ચઢતાં જ મધ્યભાગમાં ભવ્ય ગગનચૂંબી ઉંચા મનોહર શિખરવાળું ઘુમ્મટોની હારમાળાથી સુશોભિત મોટું જિનમંદિર અને મૂળનાયક તીર્થાધિપતિ દાદાશ્રી આદીશ્વર ભગવાન નજરે પડે છે. દાદાનાં દર્શન થતાં યાત્રિકોનાં શિર ઝુકી પડે છે. 'જય આદિનાથ' 'જય દાદા'ના પોકારો પડઘાતા જ રહે છે. દાદાના દર્શન કરતાં હૈયું નાચી ઉઠે છે. સંતાપ ભૂલી જવાય છે. અને ભાવના બળવાન બને છે. એટલું જ નહિ પણ દિલડું એવું તો ચોટે કે ત્યાથી ખસવાનું મન પણ ન થાય.

દાદાના દર્શન અને સ્તુતિ કરે ચૈત્યવંદન કરે, કાઉસગ્ગ કરે, ખમાસમણ દે. જાપ કરે, ધ્યાન ધરે અને ધન્યતા અનુભવે. પ્રભુના દર્શનમાં લીન, તલ્લીન બની જાય. નાના બાળકોથી માંડીને મોટી ઉંમરના સ્રી-પુરુષો બધા જ અહીં આવીને દાદામય બની જાય છે. પ્રાર્થના, સ્તવના, વિનંતિ, કાવ્યોના સ્વરો વાતાવરણને ભાવભીની ભક્તિથી છલકાવી દે છે, નાના નાના બાળ મુનિઓ, બાળ સાધ્વીજીઓથી લઈને મોટા મહાન આચાર્ય ભગવંતો અને સાધુ-સાધ્વીજી મહારાજોને મોટી સંખ્યામાં આવી પ્રભુના દર્શન-વંદન-ચૈત્યવંદન કરતા જોવા એ પણ મોટો લહાવો છે. ઘણાની આંખો અનરાધાર વરસ્યા કરે ! પ્રભુને અનિમેષ નજરે નિહાળતા એમની આંખો ધરાય નહીં. અને શબ્દોમાં 'શત્રુંજયના ધણી'ના ગુણગાન સમાય નહી એવો દીપતો ને જીવતો જાગતો દાદાનો દરબાર કયારેક તો હૈયે ભીંસાય એવા માનવ મહેરામણથી છલકાઈ ઉઠે છે ! સહુની એક જ મુરાદ, સૌના હોઠે એક જ નાદ, સહુની જીભે એક જ નામ ! બસ '**દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો દાદા** દર્શન દો' ના શબ્દોમાં ગાન સાથે સમગ્ર વાતાવરણ નાદમય બની જાય છે. એકાંત પણ જાણે કોલાહલથી મલકાય છે !

મંદિરની રચના બહુ જ મનોહર છે. દાદાનું મંદિર ભોંયતળિએથી બાવન હાથ ઉંચુ છે શિખરમાં ૧૨૪૫ કુંભો છે. એકવીસ સિંહોના વિજય ચિન્હો શોભી રહ્યા છે. ચાર દિશામા ચાર યોગિનીઓ છે. દશ દિક્પાલોનાં પ્રતિકો એના

રક્ષણપણાનો ખ્યાલ આપી રહ્યા છે. મંદિરની વિશાળતાનો ખ્યાલ આપતી ગભારાની આસપાસ મંડપમાં બહોતેર દેવકુલિકાઓની રચના છે. ચાર ગવાક્ષો એની ભવ્યતામાં વધારો કરે છે. બત્રીસ પૂતળીઓ અને બત્રીસ તોરણો આ મંદિરને કળામય બનાવે છે. મંદિરને ટેકવી રાખતા કુલ્લે બોંતેર આધાર સ્થંભો એની કળામય રચનાને પ્રસ્તુત કરે છે. એવી સર્વાંગ સુંદર રચના પાછળ પોતાની અપાર સંપત્તિ લગાડનાર ખંભાતના તેજપાળ સોની એ વિ.સં. ૧૬૪૯માં આ મૂળમંદિરને નંદિવર્ધન પ્રાસાદ એવું નામ આપીને આચાર્ય ભગવંત વિજય દાનસૂરીશ્વરજી તથા વિજય હીરસૂરીશ્વરજીના વરદ હસ્તે પુન:પ્રતિષ્ઠા કરાવી. આ બધા સત્કાર્યોમાં એણે અઢળક ધનનો સદ્ ઉપયોગ કર્યો.

વર્તમાન દાદાની પ્રતિમાની આસપાસ જે ભવ્ય અને સુંદર પરિકર છે. એનું નિર્માણ અમદાવાદના શાહ સોદાગર ઝવેરી શાંતિદાસ શેષકરણ અને એમના ભાઈ શેઠ વર્ધમાન શેષકરણે વિ.સં. ૧૬૭૦માં કરાવીને આચાર્ય ભગવંત સેનસૂરીશ્વરજીના હાથે પ્રતિષ્ઠાપિત કરેલ છે.

## ત્રણ શિલાલેખો

વર્તમાનમાં દાદાના મંદિરમાં પ્રવેશ કરવાના સન્મુખના ચોકીયાળામાં અત્યારે ત્રણ શિલાલેખ છે. તે આ પ્રમાણે ૧-કરમાશાના ઉદ્ધારનો મોટો શિલાલેખ પેસતાં ડાબે હાથે રતેના સામે જમણા હાથે મોટો શિલાલેખ છે તે તેજપાલ સોનીના કરાવેલા સુધારાનો છે ને બાજુમાં ૩-તે અકબરશાહે શત્રુંજયનો કર માફ કર્યાને સાધુઓએ જાત્રા કરી તે જણાવનારો છે. એમ ત્યાં ત્રણ શિલાલેખ વિદ્યમાન હતા આના સ્થળો હાલ બદલાયાં છે.

દાદાના ગભારામાં રહેતા અન્ય પ્રતિમાજીનાં તેમજ મંડપમાં રહેલા મહાવીર ભગવાન વગેરે બધીએ પ્રતિમાજીનાં દર્શનથી ભાવુક ભક્તો ધન્યતા અનુભવે છે.

દાદાની યાત્રા કરનાર ભાવિકો ત્રણ પ્રદક્ષિણા દે છે,

## પહેલી પ્રદક્ષિણા

અહીંથી પહેલી પ્રદક્ષિણા શરૂ થાય છે. બહાર નીકળતાં સામે સહસ્ત્રકૂટ આવે છે. આથી આ રચનામાં ચારે દિશામાં તે રીતે ગોઠવણી કરીને ૧૦૨૪ પ્રતિમાજી મહારાજ ગોઠવેલાં છે.

સંવત ૧૭૧૮માં ઉગ્રસેનપુરના રહેવાસી વર્ધમાન શાહે આ સહસ્રકુટ મંદિર બનાવ્યું છે. તેનો શિલાલેખ સહસ્રકૂટના આગળના બે સ્થંભ પર કંડારેલ છે.

### સહસ્ત્રકૂટની રચના

આમાં ૧૦૨૪ શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાઓ છે,
તે આ પ્રમાણે છે.
પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રો, તેની વર્તમાન કાળની
ચોવીસીઓ એટલે ૨૪૦.
તેવી જ રીતે તે દશ ક્ષેત્રોના ભૂતકાળની ચોવીસીઓ એટલે ૨૪૦
તેવી જ રીતે તે દશ ક્ષેત્રોના ભાવિ કાળની ચોવીસીઓ એટલે ૨૪૦
ચોવીસે તીર્થંકર ભગવંતના પાંચ પાંચ કલ્યાણકો એટલે ૧૨૦
પાંચ મહાવિદેહક્ષેત્રના ઉત્કૃષ્ટ કાળના તીર્થંકરો ૩૨ ટ૫ = ૧૬૦
પાંચ મહાવિદેહ ક્ષેત્રના જઘન્ય કાલે વિદ્યમાન ૪ ટ૫ = ૨૦
તથા ૪ શાશ્વતાજિન એમ કુલે ૧૦૨૪ પ્રતિમાજી થાય.

દાદાના દહેરાસરને ફરતાં ત્રણ બાજુએ જુદી જુદી દેરીઓ હતી જેમાં વિ.સં. ૧૬૨૦ના શિલાલેખો હતા. વળી તે પૂર્વેના બીજા લેખો હતા. સં. ૨૦૨૦ પછીથી તે દેરીઓ વગેરે કાઢી નાખેલ છે. તે વખતે રતનપોળમાંથી જુદી જુદી જગ્યા ઉપરથી લગભગ ૫૦૦ પ્રતિમાજીઓ ઉત્થાપન કર્યા છે. તેમ તે સ્થાનો પણ કાઢી નાખ્યાં છે. આ બધું કાઢી નાખી તે શિખરના અંગો વગેરે ખુલ્લાં કરવામાં આવ્યા છે.

ગણધરનાં પગલાં

| | તીર્થંકર | ગણધર-સંખ્યા | | તીર્થંકર | ગણધર-સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ઋષભદેવ | ૮૪ | ૧૩. | વિમલનાથ | ૫૭ |
| ૨. | અજિતનાથ | ૯૫ | ૧૪. | અનંતનાથ | ૫૦ |
| ૩. | સંભવનાથ | ૧૦૨ | ૧૫. | ધર્મનાથ | ૪૩ |
| ૪. | અભિનંદનસ્વામી | ૧૧૬ | ૧૬. | શાંતિનાથ | ૩૬ |
| ૫. | સુમતિનાથ | ૧૦૦ | ૧૭. | કુંથુનાથ | ૩૫ |
| ૬. | પદ્મપ્રભુ | ૧૦૭ | ૧૮. | અરનાથ | ૩૩ |
| ૭. | સુપાર્શ્વનાથ | ૯૫ | ૧૯. | મલ્લિનાથ | ૨૮ |
| ૮. | ચંદ્રપ્રભુ | ૯૩ | ૨૦. | મુનિસુવ્રતસ્વામી | ૧૮ |
| ૯. | સુવિધિનાથ | ૮૮ | ૨૧. | નમિનાથ | ૧૧ |
| ૧૦. | શીતલનાથ | ૮૧ | ૨૨. | નેમિનાથ | ૧૭ |
| ૧૧. | શ્રેયાંસનાથ | ૭૬ | ૨૩. | પાર્શ્વનાથ | ૧૦ |
| ૧૨. | વાસુપૂજ્યસ્વામી | ૬૬ | ૨૪. | મહાવીરસ્વામી | ૧૧ |

કુલ ૧૪૫૨ ગણધર ભગવંતો

ત્યાં દર્શન કરીને કહેવાતા શ્રીસિમંધરસ્વામીના દેરાસરે જવાય છે. (ખરેખર આ દેરાસરના મૂળનાયક ભગવાન ઉપર શ્રી આદીશ્વર ભગવાનનું નામ અંકિત છે. તે સં.૧૬૭૭માં ભરાવેલા છે) તે ગભારામાં અને બહાર મંડપમાં બીજી પ્રતિમાઓ છે. તેની ઉપર જુદા જુદા લેખો પણ છે. શ્રાવક શ્રાવિકાની મૂર્તિ પણ મંડપમાં છે.

રંગમંડપમાં દેવીની પણ મૂર્તિ છે. તેને અમકા (અંબિકા) દેવી કહે છે.

## બીજી પ્રદક્ષિણા

### નવા શ્રી આદીશ્વરનું મંદિર

અહિંથી બીજી પ્રદક્ષિણા શરૂ થાય છે. આ મંદિર વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું છે. એવું અનુમાન છે. હાલમાં આ દેરાસર નવા આદીશ્વર જિનાલય તરીકે ઓળખાય છે.

આના દર્શન કરીને નીકળીએ એટલે બહાર ચોકીયાળાની બાજમાં પગલાંઓની દેરીઓ છે, તેની બાજુમાંથી નાના ખાંચામાં થઈને પાછળ જવાય છે. ત્યાં મેરુ આવે છે.

### મેરૂ

પહેલાં આ મેરુ જૂનો હતો. પણ અમદાવાદના શેઠ માણેકલાલ મનસુખભાઈ શ્રીગિરિનાર અને શ્રી શત્રુંજય ગિરિરાજનો સં ૧૯૯૧માં છરી પાળતો સંઘ લઈને આવ્યા હતા. તેની યાદગિરિમાં ત્રણ ગઢનો સફેદ આરસનો સુશોભિત મેરૂ નવેસરથી બનાવરાવ્યો છે. તેમાં ચૂલિકા પણ છે અને ચતુર્મુખ ભગવાન પણ છે.

તેના દર્શન કરીને ભમતિમાં આગળ આગળ દર્શન કરતાં કરતાં આગળ વધે છે પછી રથ વગેરે મૂકવાના સ્થાન આગળથી નીચે ઉતરે છે. પછી સમવસરણના દેરાસરે દર્શન કરે છે. આ મંદિર સંઘવી મોતીચંદ પાટણવાળાએ સં ૧૩૭૫માં બંધાવ્યું છે. તેની જોડે સમ્મેતશિખરનું દેરાસર છે. તેમાં આઠ દિશામાં થઈને ૨૦ પ્રતિમાજીઓ છે. અને નીચે પગલાં છે. એટલે તે સમ્મેતશિખરનું દેરાસર કહેવાય છે. આ દેરાસર સં. ૧૭૭૪માં બંધાવ્યું છે. આ બન્ને દેરાસર સંલગ્ન છે.

આગળ ચાલતાં બાજુમાં, ખૂણા ઉપર નવણું નાંખવાની એક બારી છે. ત્યાંથી નવણ બહાર પડે છે. તેનાથી આગળ એક ઓરડીમાં ભરત બાહુબલી નમિ વિનમિની મૂર્તિઓ છે.

## સમરાશા અને તેમના પત્ની

આગળ દર્શન કરતાં ચાલતાં એક દેરીના ગોખલામાં શ્રાવક શ્રાવિકાની ઉભિ મૂર્તિ છે. આ સમરાશા અને તેમની સુપત્નીનું દ્રશ્ય છે. જેમણે ગિરિરાજનો પંદરમો ઉદ્ધાર કર્યો હતો.

દેરીઓમાં પ્રભુજીનાં દર્શન કરતાં આગળ ચાલતાં ૧૪ રતનનું દહેરાસર આવે છે. આ દહેરાસર એવી પદ્ધિએ બાંધવામાં આવ્યું છે કે ગભારામાં અને રંગમંડપમાં થઈને ૧૪ પ્રતિમાજી છે. આથી આ દહેરાસર ચૌદ રતનનું દહેરાસર

કહેવાય છે. ત્યાં દર્શન કરી આગળ જઈએ અને જ્યાં બીજી પ્રદક્ષિણા પૂર્ણ થવા આવે છે ત્યાં એક દેરી ખોલીને રસ્તો બનાવ્યો છે. ત્યાંથી પાછળ અંદરની નવી ટૂંકમાં જવાય છે.

## નવી ટૂક

આ નવી ટૂક જે બાંધી તેમાં રતનોપળથી જુદા જુદા સ્થાનોમાંથી ઉત્થાપન કરેલા જે લગભગ ૫૦૦ પ્રતિમાજી હતાં. તેમનાં પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવ્યાં છે. બાકી રહેલાં થોડા પ્રતિમાજીઓ દાદાના મંદિર ઉપર અને અન્ય સ્થળોએ પ્રતિષ્ઠિત કર્યા છે. આ ટૂકમાં મધ્યમાં મુખ્ય મંદિર શિખરબદ્ધ બનાવી પ્રદ્ધતિસરની ટૂક બાંધી છે. આમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે, પ્રતિષ્ઠા સંવત  ૨૦૩૨માં થઈ છે.

ત્યાં દર્શન કરીને બહાર આવી આગળ ચાલતાં એક ગોખલો એવો આવે છે કે ત્યાં ૨૪ તીર્થંકરોની માતા પુત્રો (તીર્થંકરો)ને ખોળામાં લીધેલી છે. આ પણ આરસની જ કોરણી છે. આગળ ચાલતાં છેલ્લે ગંધારીયાનું દહેરાસર આવે છે.

## ગંધારીયાજી ચૌમુખજી

આ દેરાસર રામજી ગંધારીયાએ સં. ૧૬૨૦ના કારતક સુદ - ૨ ના દિવસે બંધાવ્યું છે. તેમાં ચૌમુખજી મહારાજ બિરાજમાન છે. દેરાસરની ચારે બાજુએ ચાર ચોકીયાળાં છે. તે ચારે ચોકીયાળામાં વગેરે બધુંએ ઉપર છે. તેમાં પણ પ્રતિમાજીઓ છે, કળાની અપેક્ષાએ શિલ્પીએ એક નમૂના જેવું આ દેરાસર બાંધ્યું છે. મૂળ ગભારે ચારે ભગવંતો મનોહર છે. અહીંથી આગળ પુંડરીક સ્વામીના મંદિરમાં જવાય છે.

## પુંડરીક સ્વામીનું મંદિર

આ મંદિરના મૂળનાયક શ્રી પુંડરિકસ્વામી સોળમા ઉદ્ધારના કર્તા કરમાશાના સં. ૧૫૮૭માં ભરાવેલા છે. તેની ઉપર લેખ વિદ્યમાન છે. શ્રી પુંડરીકસ્વામીના ગભારામાં અનેક પ્રતિમાજીઓ છે. તેના મંડપમાં બે ઓરડાઓમાં પણ અનેક પ્રતિમાઓ છે.

### નવટૂક

શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢતા હનુમાનધારા આવે છે. એક રસ્તો નવટૂક તરફ જાય છે. એ રસ્તેથી ચઢવા માંડીએ એટલે આગળ નવટૂકની બારી આવે છે. ત્યાં પેસતાં આપણા ડાબા હાથે આગળ જતાં અંગારશા પીરનું સ્થાન આવે છે.

## નવટૂકનો દરવાજો

ત્યાંથી આગળ ચાલતાં નવટૂકના દરવાજે જતાં મોટો કુંડ આવે છે. આ કુંડનું નામ વલ્લભકુંડ છે તે શેઠ જેઠાલાલભાઈના મુનીમ વલ્લભદાસે બંધાવ્યો છે, કુંડથી આગળ નવટૂકનું પ્રવેશદ્વાર આવે છે. ત્યાં મનોહર નવો બંધાવેલો વિસામો છે.

અહિંથી પ્રવેશ કરતાં ખરતરવસહીમાં ગયા એમ થાય.

## (૧) નરશી કેશવજીની ટૂક

અહીં યાત્રાળુની જમણી બાજુએ શેઠ નરશી કેશવજીની ટૂંક આવે છે. તે સં. ૧૯૨૧માં બંધાવેલી છે. તેમાં મધ્યમાં મુખ્ય મંદિર અને તેને ફરતી ચોવીસ દેરીઓ બીજી ૧૭ દેરીઓ છે તેમાં પ્રભુજી નથી એટલે ખાલી છે.

## સંપ્રતિ મહારાજનું દહેરાસર

ડાબા હાથે સંપ્રતિ મહારાજના નામે ઓળખાતું દેરાસર આવે છે. તે શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. એમાં સુધારાવધારા તો ઘણાએ થયેલા હશે પણ ગભારાનું બારશાખ કોતરણીવાળું પુરાણું આજે પણ છે, તે મનોહર છે. આ દેરાસરની ડાબી બાજુએ એક વિશાળકાય કુંડ આવેલો છે.

આગળ ચાલતાં જુદાં જુદાં દહેરાસર છે. તેમાં બાબુ હરખચંદ ગુલેછા મુર્શીદાબાદવાળાનું બંધાવેલું એક દેરાસર છે. વળી સુમતિનાથ ભગવાનનું દેરાસર બાબુ પ્રતાપસિંહ દુગ્ગડનું સં. ૧૮૯૩માં બંધાવેલું છે. સંભવનાથ ભગવાનનું દેરાસર સં. ૧૮૯૧માં બંધાવેલું છે. વળી ઋષભદેવ ભગવાનનું દેરાસર છે. હાલા કુંડીવાળાનું સં. ૧૮૯૩માં બંધાવેલું ચંદ્રપ્રભુનું દેરાસર છે. શેઠ નરસિંહ નાથા કચ્છીનું સં. ૧૯૦૩માં બંધાવેલું ચંદ્રપ્રભુનું દેરાસર છે. મરૂદેવી માતાનું જૂનું મંદિર છે. આ મંદિરમાં મરૂદેવી માતા હાથી પર બેઠેલાં છે. તે હાથી આગળ આવી રહ્યો છે તેવું દશ્ય છે. મરૂદેવી માતા હાથી ઉપર કેવળજ્ઞાન પામીને તુર્ત મોક્ષે ગયા હતાં. તે તેનો ભાવ છે. કચ્છી બાબુભાઈએ સં. ૧૭૯૧માં બંધાવેલું ચૌમુખજીનું દેરાસર છે. સં. ૧૮૮૫ માં બાબુ હરખચંદ દુગ્ગડનું બંધાવેલું શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર છે. સં. ૧૮૮૮માં લખનૌવાળા શેઠ કાલીદાસ ચુનીલાલનું બંધાવેલું અજિતનાથ ભગવાનનું દેરાસર છે. સં. ૧૮૨૭માં શેઠ હિંમતલાલ લુણિયાએ બંધાવેલું શ્રી કુંથુનાથ ભગવાનનું દેરાસર છે.

## (૨) સવાસોમાની ટૂંક (ચૌમુખજીની ટૂક)

ઉપર જણાવેલા મંદિરોએ દર્શન કરતા આગળ ચાલીએ એટલે ચૌમુખજીની ટૂકનો દરવાજો આવે. તેમાં પેંસીએ એટલે સન્મુખ ચૌમુખજીનું મંદિર આવે. આ મુખ્ય મંદિર સવાસોમાજીએ બંધાવેલું છે. આના શિખરની ટોચ ૨૦ થી ૨૫ માઈલ દૂરથી દેખાય છે. આ ટૂકની લંબાઈ પહોળાઈ ૨૭૦ ૬૧૧૬ ફૂટની છે. ચોકની મધ્યમાં ચતુર્મુખ શ્રીઆદીશ્વર ભગવાનનું મંદિર છે, આગળ તેનો રંગમંડપ આવેલો છે. ત્રણ દિશામાં ચોકિયાળા છે. પાછળની બાજુમાં ચૌમુખજીના દેરાસરને લાગીને દેરીઓ છે. આ દેરાસરની પ્રતિષ્ઠા સં. ૧૬૭૫માં થઈ છે.

સવાસોમાની ચૌમુખજી ટૂકમાં ચૌમુખજી સન્મુખ સં. ૧૬૭૫માં પ્રતિષ્ઠિત થયેલ શ્રી પુંડરીકસ્વામીનું મંદિર છે. અમદાવાદવાળા શેઠ ડાહ્યાભાઈનું બંધાવેલું સહસ્ત્રકૂટનું દહેરાસર છે. સં. ૧૬૭૫માં શેઠ સુંદરદાસ રતનદાસનું બંધાવેલું શાંતિનાથ ભગવાનનું મંદિર છે. બીજું એક શાંતિનાથ ભગવાનનું મંદિર પણ છે. સં. ૧૮૫૬માં પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. આ

દેરાસરમાં પાષાણમાં એક ચોવીસી છે. અને ત્રણ ચોવીસીની એક એક પ્રતિમાજીઓ છે. અમદાવાદના શેઠ કરમચંદ હીરાચંદનું સં. ૧૮૮૪માં બંધાવેલું શ્રી સીમંધરસ્વામીનું મંદિર છે. અજમેરવાળા ધનરૂપમલે બંધાવેલું આરસનું એક દેરાસર છે. અમદાવાદવાળાનું ભણસાલી કરમસિંહ બંધાવેલું અજિતનાથ ભગવાનનું દેરાસર છે. આ ટૂકના એક મંદિરમાં પરિકર પર સં. ૧૩૩૭નો શિલાલેખ છે. અને એક ઠેકાણે સં. ૧૬૭૫નો શિલાલેખ છે. અને બીજે એક ઠેકાણે સં. ૧૬૭૫નો શિલાલેખ પણ છે. સમવસરણ પર સં. ૧૩૩૭નો શિલાલેખ છે. વિ.સં. ૧૬૮૨માં પ્રતિષ્ઠિત થયેલ ૧૪૫૨ ગણધરના પગલાં છે. અહીં દેરી નં. ૮૭૨માં એક ધાતુ પ્રતિમા ઉપર સિદ્ધહેમ કુમાર સંવત્ એમ ઉલ્લેખ કોરેલો મળે છે.

આ રીતે આ ખરતરવસહી=સવાસોમાની ટૂકમાં ૧૧ મોટા દેરાસરો છે. ૪૧૨ પ્રતિમાજીઓ છે. ભમતીમાં ૭૪ દેરીઓ છે. તેમાં ર૯૧ પ્રતિમાજીઓ છે. બધાં મળીને કુલે ૭૦૨ પ્રતિમાજી છે.

## પાંડવોનું દેરાસર

સવાસોમાની ટૂકમાંથી પાછલી બારીમાંથી બહાર નીકળતાં ચાર પાંચ પગથિયાં ચઢતાં પાંડવોનું દેરાસર આવે છે. તેમાં પાંચ પાંડવો, કુંતામા અને દ્રૌપદીની મૂર્તિ છે. તેની ઉપર સં. ૧૭૮૮નો લેખ છે. તેના ચોગાનમાં ખરા પથ્થરનું મનોહર સ્થાપત્ય છે. (ડો. મધુસુદન ઢાંકીના પ્રમાણે આ પાંચ પાંડવોનું દેરાસર ૧૪૨૧માં શા. દલીચંદ કીલાભાઈએ બંધાવ્યું છે.) ખરેખર આ મંદિર માંડવગઢના મંત્રી પેથડશાનું બંધાવેલું છે.) પૂર્વે આ મંદિરમાં શ્રી આદીશ્વર ભગવાન બીરાજમાન હશે, પછીથી આમ ફેરફાર થયો માનવો પડે. આ મંદિરના મંડોવર અને શિખરમાં સુંદર કોરણી છે. મંદિર દક્ષિણાભિમુખ છે.

### સહસ્ર કૂટ

પાંડવોના દેરાસરની પાછળ સહસ્રકૂટની દેરાસર આવેલું છે. (સહસ્ત્રકૂટની રચનાનું વર્ણન આગળ આપી ગયા છીએ.) આ સહસ્રકુંડ ઉપર બે બાજુએ શિલાલેખ છે. તેની સં. ૧૮૬૦માં પ્રતિષ્ઠા થઈ છે. આ દેરાસર સુરતવાળા

ખૂબચંદ મયાભાઈ લાલચંદે બંધાવ્યું છે. તે દેરાસરમાં એક બાજુએ ૧૭૦ પ્રતિમાજી આરસ પહાણમાં કોરેલાં છે. એકસો સિત્તેર જિન શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં હોય છે.

## ૧૭૦ જિન

પાંચ મહાવિદેહમાં થઈને ૧૬૦ જિન અને પાંચ ભરત પાંચ ઐરવત એમ દશમાં દશ એટલે ૧૭૦ જિન થાય. તે પટની બે બાજુમાં એક બાજુ ચૌદરાજલોક અને બીજી બાજુ સમવસરણ આરસપાષાણમાં તેમાં કોરેલું છે. તેની બીજી દીવાલે સિદ્ધચક્ર કોરેલા છે. વળતા સવાસોમાની ટૂંકમાંની દેરીઓનાં દર્શન કરતાં બીજી બારીએથી બહાર નીકળાય છે, ત્યાં છીપાવસહી આવે છે.

## (૩) છીપાવસહી

ખરતરવસહીમાંથી બહારની બાજુમાં ઢોળાવ ઉપર છીપાવસહી (ભાવસારની ટૂક) આવેલી છે. આ ઢોળાવવાળા ચોકમાં જ પ્રાચીન અને ૩ અર્વાચીન મંદિરો છે. આ મંદિર ૧૪મી સદીમાં ભાવસાર-છીપાઓએ બંધાવેલું છે. તેથી છીપાવસહી તરીકે બોલાય છે. ગિરિરાજ ઉપરના ઉત્તમ મંદિરો પૈકી નાજુક રચનાવાળું આ મંદિર છે. આ મંદિરમાં અંદર પ્રદક્ષિણા દેવાય છે. તેમાં ભમતીમાં ૨૪ ગોખલા છે. અને આગલી બાજુમાં ચોકીયાળું છે. ચૈત્ય પરિપાટિઓમાં ટોડરવિહાર તરીકે પરિચિત છે. એમ ડો. ઢાંકી કહે છે. આથી આની પુનઃપ્રતિષ્ઠા સં. ૧૭૯૫માં થઈ છે. એવું માનવું પડે.

ગઢની રાંગને અડીને શ્રીશ્રેયાંસનાથ ભગવાનનું મંદિર છે. આના ચોકીયાળામાં સુંદર તોરણ છે. આ પુરાણું મંદિર છે.

## શ્રી અજિતશાંતિનાથની દેરી

ઢોળાવ ઉપર અજિતનાથ અને શાંતિનાથ ભગવાનની દેરી જોડાજોડ આવેલી છે, પૂર્વકાળમાં આ દેરીઓ સામ સામે હતી. એટલે એકમાં દર્શન કરતાં બીજા ભગવાનને પૂંઠ પડે. તેથી નંદીષેણ ઋષિએ શ્રી અજિતશાંતિસ્તવની રચના કરીને સ્તવના કરી, એટલે તે દેરીઓ એક લાઈનમાં આવી ગઈ એવી માન્યતા છે.

ગઢ નજીક સં.૧૭૯૧માં બંધાવેલું ઋષભદેવ ભગવાનનું અને સં.૧૭૮૮માં બંધાવેલું શ્રેયાંસનાથ ભગવાનનું, વળી સં. ૧૭૯૪માં શાહ હરખચંદ શિવચંદનું બંધાવેલું નેમિનાથ ભગવાનનું દેરાસર છે. બાજુમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. વળી એક છત્રીમાં પગલાં છે ને રાયણવૃક્ષ પણ છે. આ બધાં મંદિરોમાં થઈને ર૭ પ્રતિમાજીઓ છે.

## (૪) સાકરવસહી

આગળ ચાલતાં દરવાજો આવે. તે સાકરવસહીનો દરવાજો. આ ટૂક અમદાવાદના શેઠ સાકરચંદ પ્રેમચંદે વિ.સં. ૧૮૯૩માં બંધાવી છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં આઠમો નંદીશ્વર દ્વીપ છે. જેમાં ચારે દિશામાં તેર તેર ડુંગરો થઈને બાવન ડુંગરો છે. તેની ઉપર ચૌમુખજી પધરાવ્યા છે. આથી અહિં મધ્યમાં જમ્બૂદ્વીપ આવ્યો. તેની મધ્યમાં મેરુ આવ્યો. આથી મધ્યમાં મેરુનો ડુંગર બનાવી તેની ઉપર પ્રભુજી પધરાવ્યા છે. આથી આ મંદિર શ્રીનંદીશ્વરદ્વીપનું કહેવાય છે, આની પ્રતિષ્ઠા સં. ૧૮૯૩માં થઈ છે. મંદિરની બધી બાજુએ મનોહર કોતરણીવાળી જાળી પાષાણની છે. આ ટૂકને ફરતો કોટ છે. તેમાં શ્રીકુંથુનાથ ભગવાનનું અને શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. કુંથુનાથ ભગવાનનું દેરાસર ડાહ્યાભાઈ શેઠે બંધાવ્યું છે. શાંતિનાથ ભગવાનનું દેરાસર પરસનબાઈએ બંધાવ્યું છે. આ ટૂકમાં ર૭૪ પ્રતિમાજી છે.

## (૫) હેમાવસહી

શ્રી નંદીશ્વરના દેરાસરથી ઉપર ચઢીએ એટલે શરૂઆતમાં એક નાનો કુંડ આવે છે. તેની જોડે હેમાભાઈ શેઠની ટૂક આવે છે. અમદાવાદના શાંતિદાસ શેઠના પૌત્રના પૌત્ર નગરશેઠ હેમાભાઈ એ સં. ૧૮૮૨માં આ ટૂક બંધાવી છે. અને તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૬માં થઈ છે. આમાં બધાં મળીને ચાર દેરાસર છે. ૪૩ દેરીઓ છે. મૂળ મંદિરમાં શ્રી અજિતનાથ ભગવાન છે. આ દેરાસર શેઠ હેમાભાઈ વખતચંદ ખુશાલચંદે બંધાવ્યું છે. સામે શ્રી પુંડરીકસ્વામીનું દેરાસર છે. એક ચૌમુખજી ભગવાનનું દેરુ છે. તે સાકરચંદ પ્રેમચંદે બંધાવ્યું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૮માં થઈ છે. બીજું ચૌમુખજીનું મંદિર શેઠ હેમાભાઈએ બંધાવ્યું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૬માં થઈ છે. આ ટૂકમાં ૩ર૩ પ્રતિમાજીઓ છે. આ ટૂકમાં મૂળ મંદિર ઉપર મોટો શિલાલેખ છે.

તેની બારીમાંથી નીકળતાં મોટો કુંડ આવે છે. એ કુંડની ઉપર ખોડિયાર માતાનું સ્થાનક છે.

## (૬) શ્રી નંદીશ્વર દ્વીપ - ઉજમફઈની ટૂક

અમદાવાદના પ્રખ્યાત નગરશેઠ પ્રેમાભાઈના ફઈ ઉજમબાઈ હતા, તેમણે આ ટૂક બંધાવી એટલે ઉજમફઈના નામથી ટૂક બોલાય છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં આઠમો નંદીશ્વર દ્વીપ છે. જેમાં ચારે દિશામાં તેર તેર ડુંગરો થઈને બાવન ડુંગરો છે. તેની ઉપર ચૌમુખજી પધરાવ્યા છે. આથી અહિં મધ્યમાં જમ્બૂદ્વીપ આવ્યો. તેની મધ્યમાં મેરુ આવ્યો. આથી મધ્યમાં મેરુંનો ડુંગર બનાવી તેની ઉપર પ્રભુજી પધરાવ્યા છે. આથી આ મંદિર બધી બાજુએ મનોહર કોતરણીવાળી જાળી પાષાણની છે. આ ટૂકને ફરતો કોટ છે. તેમાં શ્રીકુંથુનાથ ભગવાનનું દેરાસર છે. કુંથુનાથ ભગવાનનું દેરાસર ડાહ્યાભાઈ શેઠે બંધાવ્યું છે. શાંતિનાથ ભગવાનનું દેરાસર પરસનબાઈએ બંધાવ્યું છે. આ ટૂકમાં ૨૭૪ પ્રતિમાજી છે.

## (૭) પ્રેમચંદ મોદીની ટૂક પ્રેમાવસહી

આગળ ચાલતાં રાજનગરના ધનાઢ્ય વેપારી મોદી પ્રેમચંદ લવજીએ સિદ્ધાચલ ગિરિરાજનો સંઘ કાઢ્યો હતો. અને આડંબરથી ગિરિરાજ પધાર્યા હતા. તેમને અહીયાં સપાટ જગ્યા દેખાતાં અત્રે ટૂક બંધાવવાની ભાવના થઈ અને ટૂક બંધાવી. આથી આ ટૂક મોદીની ટૂક કહેવાય છે. આમાં, દહેરાસર અને ૫૧ દેરીઓ છે. આની ઉભણી નીચી છે. મૂળ દેરાસર શ્રીઋષભદેવ ભગવાનનું છે.તે તેમનું બંધાવેલું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૪૩માં થઈ છે. અહિંયા શ્રી પુંડરીક સ્વામીનું દેરાસર પણ તેમનું જ બંધાવેલું છે.

## સુરતવાળાનાં દેરાસર

ટૂકમાં પેસતાં એક બાજુ સહસ્રફણા પાર્શ્વનાથનું મંદિર છે. તે સુરતના શેઠ રતનચંદ ઝવેરચંદનું બંધાવેલું અને આરસપાષાણનું છે. આ દેરાસરના રંગમંડપમાં બે ગોખલા છે, તેની કારીગરી વસ્તુપાલ તેજપાલના આબુ ઉપર બંધાવેલા દેરાસરમાં આવેલા દેરાણી જેઠાણીના ગોખલાને યાદ કરાવે તેવી છે. ગભારામાં શેઠ-શેઠાણીની મૂર્તિઓ પણ છે. અહિંયા બે ગોખલાઓ સાસુવહુના નામના છે. આગળ થાંભલાઓ પર ત્રણ મનોહર તોરણો છે.

આ મંદિરની સામે જ સહસ્ત્રફણા શ્રી પાર્શ્વનાથનું મંદિર છે. તે સુરતવાળા રતનચંદભાઈના ભાઈ પ્રેમચંદ ઝવેરચંદનું બંધાવેલું છે. બન્ને મંદિરમાં મન ડોલાવે તેવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓ છે. બન્ને મંદિરની ઉપર ચૌમુખજી મહારાજ છે.

પાલનપુરવાળા મોદીનું બંધાવેલું અજિતનાથ ભગવાનનું મંદિર છે.

પાછલી બાજુમાં સુરત વગેરે વીશાનીમાનું બંધાવેલું ચંદ્રપ્રભુનું દેરાસર છે. એક બાજું ચંદ્રપ્રભુનું મંદિર રાધનપુરવાળા શેઠ લાલચંદભાઈનું બંધાવેલું છે.

નાની સાઈઝનાં ૧૪૫૨ ગણધરનાં પગલાં પણ આ ટૂકમાં છે. આ ટૂકમાં બધા મળીને ૩ દેરાસર ૫૧ દેરીઓ છે, બધીમાં મળીને ૪૮૦ પ્રતિમાજીઓ છે.

## માણેકબાઈની દેરી

મોદીની ટૂકથી આગળ ઉતરવા માંડતાં ૭૫ પગથીયાં ઉતર્યા પછી એક નાની દેરી આવે છે. તેમાં એક મૂર્તિ છે. તેની દંતકથા એવી કહે છે કે માણેકબાઈ રીસાઈને આવ્યાં. તેની યાદમાં મૂર્તિવાળી આ દેરી બનાવી છે. (ખરેખર આનો ઈતિહાસ જાણવા મળતો નથી.) ત્યાં બાજુમાં અદબદજીનું દેરાસર આવે છે.

## અદ્‌ભૂત શ્રી આદિનાથ

અહીંયા વિશાળ ખંડ છે. અને આગળ ઢાંકેલો ચોક છે. ખંડમાં પહાડના પથ્થરમાં કોરેલી વિશાળકાય શ્રી આદીશ્વર ભગવંતની પ્રતિમા છે. તેની ઉંચાઈ ૧૮ ફુટ છે. અને પહોળાઈ ૧૪॥ ફુટ છે. વિશાલકાય પ્રતિમાજી હોવાથી અદબદજી એમ બોલાય છે. આ મંદિર અને પ્રતિમાજી ધર્મદાસ શેઠે સં. ૧૬૮૬માં કરાવી છે. તેનો શિલાલેખ તેની દિવાલ પર લગાવેલો છે. મનને ડોળાવી નાખે એવી આશ્ચર્યકારી રમ્ય આ પ્રતિમા છે. જૂની ચૈત્યપરિપાટીઓમાં સ્વયંભુ આદિનાથ અને અદ્‌ભુત આદિનાથ એવાં નામો ઉપલબ્ધ થાય છે. વરસ દરમ્યાન એકવાર વૈશાખ વદ-૬ના દિવસે આ વિશાળકાય પ્રતિમાજીની પ્રક્ષાલ, પૂજા અને અંગરચના થાય છે. આ મંદિરની અંદર બોલીએ તો પડઘો પડે છે. અહીંયાનાં રંગમંડપમાં ઉભા રહીને દાદાના દહેરાસર તરફ જોઈએ તો મનને મહેકાવે તેવી સુંદરતા દેખાય છે.

## (૮) બાલાવસહી

અદબદજીની ટૂકથી બહાર નીકળીને પગથીયાં ઉતરીએ ત્યારે બાલાવસહી આવે છે. આ ટૂક ઘોઘા બંદરના શેઠ દીપચંદ કલ્યાણજીએ લાખો રૂપિયા ખર્ચીને સં. ૧૮૯૩માં બંધાવી છે. દીપચંદ શેઠનું હુલામણું નામ બાલાભાઈ હતું. તેથી આ ટૂકને બાલાભાઈની ટૂક યાને બાલાવસહી કહેવાય છે. આ ટૂકમાં મુખ્ય આદીશ્વર ભગવાનનું મંદિર સં. ૧૮૯૩માં તેમનું બંધાવેલું છે. તેમજ શ્રી પુંડરીખસ્વામીનું દેરાસર પણ તેમનું જ બંધાવેલું છે. સં. ૧૯૦૮માં મુંબઈના શેઠ ફતેચંદ ખુશાલચંદનું બંધાવેલું ચૌમુખજીનું મંદિર છે. તેની સામે કપડવંજના શેઠ મીઠાભાઈ ગુલાલચંદનું સં. ૧૯૧૬માં બંધાવેલું શ્રી વાસુપૂજ્યસ્વામીનું મંદિર છે. વળી ઈલોરના શેઠ માનચંદ વીરચંદનું બંધાવેલું શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર છે. બીજી બાજુ એક પુનાવાળાનું બંધાવેલું શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર છે. આ ટૂકમાં ર૭૦ પાષાણ બિંબ છે. - ધાતુના ૪૫૮ બિંબ છે. અને દેરીઓ ૧૩ છે.

## (૯) મોતીશા શેઠની ટૂક

બાલાવસહીથી આગળ ચાલીએ એટલે મુંબઈના શેઠ મોતીચંદ અમીચંદની બંધાયેલી ટૂક આવે છે. મુંબઈ શેઠ મોતીચંદભાઈને ચીન, જાપાન, ઈંગ્લેન્ડ વગેરે જોડે ક્રય વિક્રયનો કરોડો રૂપિયાનો વ્યાપાર ચાલતો હતો ઘણાં વહાણો પોતાનાં હતાં. એક વખત વહાણ ચીન તરફ જતું હતું, તેમાં અફીણ છે. એવો સરકારને વહેમ પડ્યો. આથી વહાણને પકડવા સ્ટીલોંચ મૂકી. આ વાતની શેઠને ખબર પડી. તેથી શેઠે સંકલ્પ કર્યો કે જો વહાણ બચી જાય તો, તેની જે કાંઈ કુલ આવક થાય તે શ્રી શત્રુંજય તીર્થ ઉપર ખર્ચી નાંખવી.

પુણ્યયોગે વહાણ બચી ગયું આથી ૧ર તેર લાખ રૂપિયાની જે રકમ હતી તે શ્રી શત્રુંજય ઉપર ખર્ચવા જુદી કાઢી. શેઠ તે માટે સિદ્ધગિરિરાજ ઉપર પધાર્યા, અને ટૂક બંધાવા જગા જોવા લાગ્યા. કોઈ જગ ટૂક બાંધવા જેવી ન દેખાઈ. પરંતુ દાદાની ટૂક અને ચૌમુખજીની ટૂક વચ્ચે મોટી ખીણ કે જે કુંતાસરનો ખાડો કહેવાતો હતો, તે દેખ્યો. આથી વિચાર કર્યો કે આ ખીણ પૂરીને તેની ઉપર ટૂક બાંધવી. જો ખાડો પુરાય તોજ સુંદર ટૂક બંધાય. ખીણની

ઉંડાઈ તો એવી હતી કે તે જોતાં આંખે અંધારા આવી જાય. પણ શેઠે તે પુરાવવી અને ટૂક બાંધવી જ, એવો નિર્ણય કર્યો.

આથી દેશ પરદેશના મજૂરો બોલાવ્યા. ખાત મુહૂર્ત કર્યું, આ વખતે પાણી માટે એક હાંડાના ચાર આના આપવા પડતા હતા. આવી મહેનત ને હિંમતથી ખીણ પુરાઈ. પછી જ્યારે તળ સરખું થયું ત્યારે તેની ઉપર વિમાન સરખાં સુંદર મંદિર કરવાનું થયું. એક છે કે આ ખાડો પુરવામાં ૮૦ હજારનાં દોરડાં થયાં હતાં. પછી દેરાસરોનું કામ ધમ-ધોકાર ચાલ્યું. દેરાસરો પૂર્ણ થતાં પ્રતિષ્ઠાનો અવસર આવ્યો. પણ એ પૂર્વે ભાવનાશીલ શેઠ સં. ૧૮૯૨ના ભાદરવા સુદ-૧ના સ્વર્ગે સિધાવ્યા.

શેઠની ભલામણ અનુસાર સં. ૧૮૯૩ના પોષ વદ - ૧ના સુરતથી સંઘ પાલીતાણા આવ્યો. આ સંઘમાં બાવન સંઘવીઓ અને સવા લાખ જેટલા યાત્રાળુઓ હતા. આ બધાની જવાબદારી શેઠના મિત્ર અમરચંદ દમણીયા અને ફુલચંદ કસ્તુરચંદને શિરે હતી. તે બધી જવાબદારી ઉપાડતા હતા. ઉત્સવની શરૂઆત કરી. ૧૮ દિવસ ઓચ્છવ ચાલ્યો. ગામ ઝાંપે ચોખા મૂકયા હતા. ત્યારે એક દિવસના ચાલીસ હજાર રૂપિયાનો ખર્ચો થયો હતો. આ મહોત્સવ મોતીશા શેઠના પુત્ર ખીમચંદભાઈએ કર્યો.

## ટૂકની રચના

આ મોતીશા શેઠની ટૂકની રચના નલિનીગુલ્મવિમાન જેવી લાગે. આખી ટૂકને ફરતો કોટ છે. કોટની ચારે દિશાએ ચાર કોઠા છે. વચ્ચે બધા દેરાસર છે. ને કોટની રાંગે દેરીઓ છે.

મધ્યમાં મૂળ દેરાસર શ્રી આદીશ્વર ભગવાનું છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૯૩ના મહા વદ-૨ના રોજ થઈ. તેમનું જ બંધાવેલું સામે શ્રી પુંડરીકસ્વામીનું મંદિર છે. તેની પણ પ્રતિષ્ઠા સાથે જ થઈ છે.

શેઠ હઠીભાઈ કેશરીસિંહ અમદાવાદવાળાએ ધર્મનાથ ભગવાનનું દેરાસર બંધાવ્યું છે. વળી અમરચંદ દમણીનું બંધાવેલું ધર્મનાથ ભગવાનનું પણ મંદિર છે. તે મંદિરના ગભારામાં રત્નના બે સાથીયા દીવાલે લગાવેલા ગભારામાં છે. તેઓ શેઠના દીવાન કહેવાતા હતા. શેઠ પ્રતાપમલ જોયતાનું બંધાવેલું ચૌમુખજીનું

મંદિર છે. તેઓ મોતીશા શેઠના મામા થતા હતા. બીજું ચૌમુખજીનું મંદિર ધોલેરાવાળા શેઠ વીરચંદ ભાઈચંદનું બંધાવેલું છે, ઋષભદેવ ભગવાનું દેરાસર ઘોઘાના પારેખ કીકાભાઈ ફૂલચંદનું બંધાવેલું છે. માંગરોલવાળા નાનજી ચીનાજીનું બંધાવેલું ચૌમુખજી મહારાજનું મંદિર છે. આદીશ્વર ભગવાનનું અમદાવાદવાળા ગલાલભાઈનું બંધાવેલું દેરાસર છે. પાટણવાળા શેઠ પ્રેમચંદ રણજીભાઈનું બંધાવેલું પદ્મપ્રભુનું દેરાસર છે. સુરતવાળા શેઠ તારાચંદ નથ્થુનું બંધાવેલું પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. સુરતવાળા શેઠ ખુશાલચંદ તારાચંદનું બંધાવેલું ગણધર પગલાનું દેરાસર છે. મુંબઈવાળા શાહ જેઠાલાલ નવલશાહનું બંધાવેલું સહસ્રકુટનું દેરાસર છે. સંભવનાથ ભગવાનનું દેરાસર શેઠ કરમચંદ પ્રેમચંદનું બંધાવેલું છે. શેઠ અમીચંદ દમણીના તેઓ કાકા થતા હતા. સુપાર્શ્વનાથ ભગવાનું દેરાસર ખંભાતવાળા પારેખ સ્વરૂપચંદ હેમચંદનું બંધાવેલું છે. પાટણવાળા જેચંદભાઈ પારેખનું બંધાવેલું શ્રી મહાવીર પ્રભુનું દેરાસર છે.

આ રીતે આ ટૂકમાં ૧૬ મોટાં દેરાસર છે. એનો ઘેરાવો જોતાં ટૂક વિમાનના આકાર જેવી મનોહર દેખાય છે. તેના કોટની રાંગને લાગીને કુલ્લે ૧૨૩ દેરીઓ છે. તેની એક બારીમાંથી નીકળતાં ત્યાં મુખીરાજની મૂર્તિ છે.

આ રીતે આ ટૂકમાં ૧૬ દેરાસરો ૧૨૩ દેરીઓ અને કુલ્લે ૩૦૧૧ પ્રતિમાજીઓ છે, ૧૪૫ ધાતુ પ્રતિમા છે. રાયણ પગલાં, ગણધર પગલાં વગેરે પગલાં મળીને ૧૪૫૭ પગલાં જોડી છે. શેઠ શેઠાણીની મૂર્તિ રંગ મંડપમાં ગોખલામાં પધરાવી છે.

## ગઢની કિલ્લેબંધી

આની થોડી ઘણી માહિતી પહેલાં આપી હશે. પણ અત્રે વિસ્તારથી આપીએ છીએ. દાદાની ટૂકને -રતનપોળને આખો કોટ છે. વિમલવસહીને દાદાની ટૂકને લાગતો કોટ છે. સગાળપોળનો પણ કોટ છે. આ ત્રણે ભાગને આવરી લેતો આખો કોટ છે. સગાળપોળનો પણ કોટ છે. છીપાવસહી આગળનાં બધા દેરાને આવરી લેતો કોટ છે. સાકરવસહીને પણ આખો કોટ છે. ઉજમવસહીને પણ કોટ છે. હેમાવસહીને પણ કોટ છે. મોદીવસહીને પણ કોટ છે. બાલાવસહીને પણ કોટ છે. મોતીવસહી-મોતીશાની ટૂકને પણ કોટ છે. ગિરિરાજ પરની સમગ્ર

ટૂકોને આવરી લેતો આખોયે કોટ છે. તેમાં દ્વાર ત્રણ જ છે. મોટો દરવાજો રામપોળનો એક અને ઘેટીની બારી તેમજ નવટૂકની બારી એ બે બારી જેવાં છે. એટલે આખાયે ગિરિરાજ પરના મંદિરોને આવરી લેતા કોટને ગોળ ફરીને આવે તો દોઢ ગાઉ થાય છે. એટલે દોઢ ગાઉની પ્રદક્ષિણા તરીકે ઓળખાય છે. આમાના ઘણા સ્થાનો જીર્ણોદ્ધારિત થઈને નવીનીકરણ પણ પામ્યા છે.

**(આ સમગ્ર લખાણ આચાર્ય શ્રી કંચનસાગરસૂરિજી દ્વારા લિખિત - સંગ્રહિત "શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન"પુસ્તક પર આધારિત છે.)**


## શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને જોઈએ છે

મેનેજર/આસી.મેનેજર:- ઉંમર ૪૦ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ- ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ- સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર.કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા- ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

સુપરવાઈઝર/કલાર્ક:- ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ- અંગ્રેજી, ગુજરાતી, હીન્દી, કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

પુજારી:- ઉંમર ૨૨ થી વધુ- જૈન દેરાસરમાં પુજારીની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા,

ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અરજદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)**
**"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,**
**પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦ .

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com


**અને છેલ્લે**

આપને જો આ અંક ગમે...... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ?
એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે !
પત્રવ્યવહાર માટે

ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

અનેક અબોલ જીવોનો વિસામો

---

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

---

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેટીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેટીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

---

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

અંક-૧૦

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**